## ધનસુરા જવાહર નવોદય વિદ્યાલય ખાતે LEST-2022 ને લઈ મિટિંગ યોજાઈ હતી




જવાહર નવોદય વિદ્યાલય ખાતે LEST-2022 ને લઈ મિટિંગ યોજાઈ હતી. ધનસુરા નવોદય વિદ્યાલય ખાતે C.L.O,C.S તથા Invigilator ની મીટીંગ નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પરીક્ષા માં ટોટલ ત્રણ કેન્દ્રો છે. જવાહર નવોદય વિદ્યાલય ખાતે તેના C.S અને C.L.O મીટીંગ માં સામેલ થયા હતા.આ મીટીંગ નું સંચાલન LEST I/C શ્રી જગદીશ પરમાર તથા જગદીશ મકવાણા એ કર્યું હતું. જેમાં તા.૯-૦૪-૨૦૨૨ ના રોજ યોજાનાર પરીક્ષાની માહિતી આપવામાં આવી હતી. જવાહર નવોદય વિદ્યાલય ના પ્રિન્સીપાલ શ્રી પ્રવિંદ ક્રિષ્નન એ આ અંગે માહિતી આપી હતી. આ પરીક્ષા ના સંચાલન માટે અરવલ્લી કલેક્ટર તેમજ જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી નો પણ સહકાર મળેલ છે

## પ્રાંતિજ ચિત્રિણી નર્સિંગ કોલેજ ખાતે વિશ્વ આરોગ્ય દિવસની ઉજવણી કરવામા આવી






સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ ચિત્રિણી નર્સિંગ કોલેજ એન્ડ સ્કુલ ખાતે વિશ્વ આરોગ્ય દિવસની ઉજવણી કરવામા આવી. પ્રાંતિજ રેલ્વેસ્ટેશન વિસ્તાર જુના બાકરપુર ખાતે આવેલ ચિત્રિણી નર્સિંગ કોલેજ એન્ડ સ્કુલ ખાતે વિશ્વ આરોગ્ય દિવસ નિમિત્તે વિશ્વ આરોગ્ય દિવસની ઉજવણી કરવામા આવી હતી જેમા કોલેજ ખાતે સ્વસ્થ રહો મસ્ત રહો અને તંદુરસ્ત રહોના સુત્ર સાથે કોલેજ ખાતે હેલ્થ માટેના વિવિધ કાર્યક્રમો યોજાયા હતા જેમા આરોગ્ય અંગે રંગોળી દ્રારા વિવિધ જાગૃતિ ચિત્રો, પોસ્ટરો , ક્વિટ કોમ્પિટિશન, ડ્રામા કોમ્પિટિશન કાર્યક્રમો દ્રારા લોક જાગૃતિ અંગે વિશેષ માર્ગદર્શન પુરૂ પાડવામા આવ્યુ હતુ આ પ્રસંગે કોલેજના ટ્રસ્ટી એ.કે.પટેલ, પ્રિન્સીપાલ ડાં.નરેન્દ્રકુમાર શર્મા , વાઈસ પ્રિન્સીપાલ નીધીબેન હજીત, ડાં સુનિલભાઈ, ડાં.શીખા મસ્તે, હદુભા ઝાલા સહિત કોલેજ સ્ટાફ તથા કોલેજ ના વિધાર્થીઓ મોટી સંખ્યામા ઉપસ્થિત રહ્યા હતા.

## ગુજરાત બ્રહ્મભટ્ટ-બારોટ સમાજની સાધારણ સભા યોજાઈ

ગુજરાત બ્રહ્મભટ્ટ સમાજ ની મહેસાણા ખાતે સંસ્થા ના અગ્રણી ધર્મેન્દ્રભાઈ બારોટ(ખેરાલુ) ના અધ્યક્ષ પદે અને રજનીકાંતભાઈ



બારોટ ટ્રસ્ટી (લિંચ) ની ઉપસ્થિત માં યોજાઈ. જેમાં સંસ્થા ની સ્થાપના ના ૨૪ વર્ષ પૂર્ણ થતા આગામી વર્ષ રજતજયંતિ તરીકે ઉજવવાનું નક્કી કરવા માં આવ્યુ હતુ તેમજ છેલ્લા ત્રણ વર્ષ ની સંસ્થા ના પ્રમુખ તરીકે જવાબદારી નિભાવ તા નિવૃત ટી.ડી.ઓ અને લિંચ ના વતની રમેશભાઈ. એમ. બારોટ ને ફરી થી બે વર્ષ માટે પ્રમુખ તરીકે ની જવાબદારી આપવામાં આવી હતી.રજતજયંતિ વર્ષ દરમ્યાન ભાગવત સપ્તાહ,આરોગ્ય લક્ષી કેમ્પો અને સંસ્થા ના દાતા ઓ તેમજ સમાજ ના વિદ્યાર્થી ઓ ના સન્માન જેવા કાર્યક્રમો કરવા નુ ઠરાવ માં નક્કી કરવામાં આવ્યું હતું

## જિલ્લામાં ડીઝલના વધતા ભાવથી એસ.ટી.-ખાનગી વાહનોની મુસાફરી મોંધી બનશે

**ડીઝલના ભાવ વધારાથી એસ.ટી.નું કાયમી સંચાલન ખર્ચાળ : ખર્ચ સરભર કરવા એસ.ટી.નાં ૨૦ ટકા ભાડાં વધવાની સંભાવના**

છેલ્લા કેટલાક સમયથી ડીઝલના ભાવમાં સતત વધારાના કારણે એસ.ટી. નિગમને એસ.ટી. બસના કાયમી છુટ સંચાલન અત્યંત ખર્ચાળ સાબિત થઈ રહ્યું હોવાથી આગામી સમયમાં ૨૦ ટકા ભાડાં વધવાની સંભાવના છે. જ્યારે ખાનગી વાહનોમાં પણ ભાડામાં વધારો ગમે તે ઘડીએ મુસાફરો ઉપર ઝીંકાઈ શકે છે.

ખાદ્ય ચીજવસ્તુઓના ભાવ કુદકે ને ભૂસકે વધી રહ્યા છે. જ્યારે ઈંધણ સતત મોંઘુ થઈ રહ્યું છે જેના કારણે પરીહન ખર્ચાળ થઈ રહ્યું છે. એસ.ટી.ના સસ્તાં ભાડાંના કારણે સામાન્ય પ્રજાજનો પરીવહન માટે એસ.ટી. બસનો વધુ ઉપયોગ કરી રહ્યા છે પરંતુ છેલ્લા ઘણા સમયથી ડીઝલમાં ભાવ વધારો ઝીંકાતાં હંમેશ ખોટના ખાડામાં રહેતા એસ.ટી. નિગમને એસ.ટી. રુટનું સંચાલન કરવું મુશ્કેલ બન્યું છે જેના કારણે નિગમ દ્વારા આગામી સમયમાં ભાડાના દરમાં વધારો કરવાની મસલત શરુ થઈ છે. જિલ્લામાં ડીઝલના ભાવ વધારાના કારણે ખાનગી વાહન ચાલકોએ અગાઉથી જ ભાડાં વધારી દીધેલાં છે ત્યાં એસ.ટી. નિગમ ભાડા વધારાનો અમલ શરુ કરશે તો મુસાફરોનાં ખિસ્સાં પર વધુ બોજ પડી શકે છે. જિલ્લામાં એસ.ટી.ની સલામત સવારીના કારણે ભાડાં પણ સસ્તાં અને કાયમી તેમજ અન્ય મુસાફરોને પરવડી શકે તેમ હોવાના કારણે વધુ ને વધુ લોકો એસ.ટી.માં મુસાફરી કરવાનું પસંદ કરી રહ્યા છે પરંતુ ડીઝલના ભાવ વધારાના કારણે નિગમને હવે જૂનાં ભાડાં પોશાય તેમ ન હોવાના કારણે ભાડાં વધારવાની તંત્ર ફીરાકમાં છે.

### એસ.ટી.નાં ભાડાં વધ્યાં તો ખાનગી શટલિયા વાહનોનાં પણ ભાડાં વધી શકે

ડીઝલના ભાવ વધારાના કારણે એસ.ટી.ના કાયમી રૂટનું સંચાલન કરવું નિગમ માટે મુશ્કેલ બની રહ્યું છે. તંત્ર ખોટના ખાડામાંથી બહાર આવ્યું નથી ત્યાં ડીઝલના ભાવ એસ.ટી. વિભાગ માટે મરણતોલ ફટકા સમાન બની જતાં ૨૦ ટકા ભાડાં વધારાની તંત્ર તૈયારીઓ કરી રહ્યું છે. જો એસ.ટી.ના ભાડાના દરમાં વધારો થયો તો આગામી સમયમાં એસ.ટી.ના પગલે ખાનગી શલિયા વાહનોનાં ભાડાં પણ વધી શકે છે.

## જિલ્લાની ૨ વિધાનસભા બેઠકોને આવરી લેવાઈ

# અરવલ્લીમાં ભાજપ યુવા મોરચાની યાત્રાને પ્રચંડ આવકાર

### બાયડના તેનપુર થી મોડાસા સુધીના રૂટ ઉપર ઠેર ઠેર સ્વાગત






બાયડ (બ્યુરો એફિસ) તા.૦૭

ગુજરાતમાં ચૂંટણીની તૈયારીઓ વચ્ચે ભાજપના સ્થાપના દિવસથી અમદાવાદ થી ભાજપ યુવા મોરચા અધ્યક્ષ ડાં.પ્રશાંત કોરાટની આગેવાની હેઠળ યાત્રાની શરૂઆત થઈ. અરવલ્લીના પ્રવેશદ્વાર ભૂડાસણ-તેનપુર નજીક યાત્રાનું ભાજપ સંગઠન દ્વારા ભવ્ય સ્વાગત કર્યા પછી યાત્રા બાયડ-મોડાસા વિધાનસભા બેઠકને આવરી લેતી મોંડી રાત્રે મોડાસા પહોંચી. ત્યાં પણ ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. બાયડમાં સમી સાંજે આવેલી ભાજપ યુવા મોરચાની યાત્રાને વ્યાપક આવકાર મળ્યો હતો. અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્રભાઈ પટેલ, યુવા મોરચા પ્રમુખ અમિષ પટેલ, બાયડ શહેર સંગઠન પ્રમુખ ઘનશ્યામભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલા, બાયડ નગરપાલિકા પ્રમુખ સ્નેહલભાઈ પટેલ, શહેર યુવા મોરચા પ્રમુખ જીગર પટેલ, બાયડ તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ માંનસિંહ સોઢાપરમાર, બાયડ શહેર ભાજપ મહિલા મોરચા પ્રમુખ જીજ્ઞાશાબેન પંચાલ, જિલ્લા ભાજપ યુવા મોરચા મંત્રી તપન પટેલ, કારોબારી સભ્ય કર્મવીર પટેલ, હેમંત પટેલ, જીમિત પટેલ, કૌમિલ પટેલ વગેરેએ પ્રદેશ યુવા મોરચા પ્રમુખનું ઉષ્મા ભર્યું સ્વાગત કર્યું હતું.

પ્રાપ્ત જાણકારી અનુસાર ગુજરાતમાં ભાજપ યુવા મોરચા દ્વારા તા.૬ એપ્રિલ ભાજપના સ્થાપના દિવસથી તા.૨૫ એપ્રિલ દરમ્યાન ગુજરાતભરમાં યાત્રાઓ યોજવાની જાહેરાત કરી હતી. અમદાવાદ થી યાત્રાનું પ્રસ્થાન થયા પછી ઉત્તર ગુજરાતના અરવલ્લીમાં યાત્રા પ્રવેશી ત્યારે તેનપુર ખાતે જિલ્લા-તાલુકા ભાજપ સંગઠનના હોદેદારોએ યાત્રાનું ઉમળકાથી સ્વાગત કર્યું હતું. ૩૦૦ થી વધુ બાઈકો અને અન્ય વાહનો સાથે આવેલી યાત્રા વાજતે ગાજતે બાયડમાં આવી ત્યારે બાયડ પાલિકા પ્રમુખ સ્નેહલભાઈ પટેલ, ઉપપ્રમુખ ગાયત્રીબેન પટેલ, કારોબારી અધ્યક્ષ પ્રવિણ એમ. પટેલ, પક્ષના નેતા અરવિંદભાઈ પ્રજાપતિ સહિત શહેર અને તાલુકા ભાજપ સંગઠનના હોદેદારોએ પ્રદેશ યુવા મોરચા પ્રમુખનું ઉમળકાથી સ્વાગત કર્યું હતું. યુવા મોરચા પ્રમુખના આગમનને પુષ્પોથી વધાવવાની સાથે ભારત માતા કી જય..ના જયઘોષ સાથે યુવા મોરચાની યાત્રા મોડાસા તરફ પ્રયાણ કર્યું ત્યારે વાત્રક, ધનસુરા, શીકા, મોડાસા સહિતના વિસ્તારોમાં ઠેર ઠેર ભવ્ય સ્વાગત થયું હતું. પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષ ડાં.પ્રશાંત કોરાટે જણાવ્યું કે યુવા મોરચા દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ નિમિત્તે દેશના અમૃતકાળનો સંદેશો દેશનું ભવિષ્ય એવા યુવાનો સુધી પહોંચે અને યુવાનોમાં દેશભક્તિનો સંચાર થાય તે માટે ભારતીય જનતા પાર્ટીના સ્થાપના દિવસથી અમદાવાદ થી યાત્રાનું પ્રસ્થાન થયું છે. યુવા મોરચા દ્વારા ગુજરાતના અનેક વિસ્તારોને આવરી લઈ ૩૦૦૦ કી.મી. યાત્રામાં ગુજરાત વિધાનસભાની ૮૦ બેઠકો પર દેશ માટે શહીદ થયેલા અનેક વીરોના વિચારોને યુવાનો સુધી પહોંચાડવાનું કામ હાથ ધરાશે તેવું જણાવ્યું હતું. અરવલ્લી જિલ્લાને યાત્રાને મળેલા વ્યાપક આવકારની તેમને નોંધ લઈ જિલ્લા ભાજપ સંગઠન ટીમને વિશેષ અભિનંદન આપ્યા હતા.

## AAP ની ૫૦ બેઠક જીતવાના દાવા પર પ્રશાંત કોરાટનું નિવેદન, કહ્યું, 'શેખચલ્લીના સપના ખુલી આંખે જુએ છે' : મોડાસા પહોંચી બાઈક રેલી

મોડાસા, તા. ૭

આગામી વિધાનસભાની ચૂંટણીને લઈને ભારતીય જનતા પાર્ટી યુવા મોરચાના પ્રમુખ ડો.પ્રશાંત કોરાટે આપ પાર્ટીના દાવાઓ પર નિશાન સાધ્યું છે. તેમણે કહ્યું કે, લોકો બંધ આંખે સપના જુએ છે, પણ આપ પાર્ટી ખુલી આંખે સપના જોઈને શેખચલ્લીની વાતો કરે છે. ૧૮૨ સીટ ભારતીય જનતા પાર્ટી જીતશે અને આપ પાર્ટીની ડિપોઝિટ પણ જપ્ત જશે.



આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત કર્ણાવતીથી ભારતીય જનતા પાર્ટી યુવા મોરચા દ્વારા ભવ્ય બાઈક રેલીની શરૂઆત કરવામાં આવી હતી, જે સૌપ્રથમ અરવલ્લી જિલ્લામાં પ્રવેશ કર્યો હતો. બાયડના તેનપુરથી પ્રવેશ કરતા ભારતીય જનતા પાર્ટી દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ધનસુરા અને મોડાસા ખાતે પહોંચી હતી. મીડિયા સાથેની વાતચીતમાં ભારતીય જનતા પાર્ટી યુવા મોરચાના પ્રમુખ ડો.પ્રશાંત કોરાટે જણાવ્યું કે, આપ પાર્ટી શેખચલ્લીની વાતો કરે છે, જે લોકો મહાત્મા ગાંધી જેવા મહાનુભાવોનું અપમાન કરતા હોય તેવા લોકોને ગુજરાતની જનતા જડબાતોડ જવાબ આપશે તેવું ભારે વિશ્વાસ સાથે પ્રશાંત કોરાટે કહ્યું હતું.

## ડીસામાં ચેક રિટર્ન કેસમાં એક વર્ષની સજા અને ૧.૮૩ લાખનો દંડ ફટકારતી કોર્ટ

### દંડમાંથી સોસાયટીના બાકી રૂપિયા ચૂકવવાનો પણ આદેશ

ડીસા, તા. ૭

બનાસકાંઠા જિલ્લાના તાલુકા મથક ડીસાની જાણીતી સ્પોર્ટસ કલબ ક્રેડિટ કન્ઝયુમર સોસાયટીમાં નોકરી કરતા કર્મચારીએ ખરીદીના ખોટા બિલ બનાવી તેના ચુકવણી પેટે ચેક આપેલ પરંતુ ચેક અપૂરતા ભંડોળના કારણે પરત ફર્યો હતો.તેથી સોસાયટીના એકાઉન્ટન્ટે આ બાબતે કોર્ટમાં કેશ કર્યો હતો.તેથી નામદાર કોર્ટે કર્મચારીને સોસાયટી સાથે છેતરપિંડી આચરી ગુનો કરવા મામલે એક વર્ષની કેદ અને ૧.૮૩ લાખનો દંડ ફટકાર્યો છે.

કેશની વિગત એવી છે કે ડીસાની સ્પોર્ટસ કલબ કન્ઝયુમર ક્રેડિટ સોસાયટીમાં સાતેક વર્ષથી નોકરી કરતા નરસિંહભાઈ પ્રતાપજી પઢીયાર (રહે.વડલી ફાર્મ -ડીસા) એ સોસાયટીમાંથી રૂપિયા ૧,૩૩,૯૦૫ ની ચીજ વસ્તુની ઉધારથી ખરીદી કરી હતી અને તેના ચૂકવણા પેટે તા. ૧૬/૯/૧૭ ના રોજ દેના બેંકનો ચેક આપેલ. જોકે આ ચેક સોસાયટીના એકાઉન્ટન્ટ પરેશકુમાર લક્ષ્મીચંદ સોલંકીએ એક્સીસ બેંકમાં ક્લિયરન્સ માટે આપેલો પરંતુ આ ચેક ખાતામાં અપૂરતા ભંડોળના કારણે પરત ફરેલ. આ બાબતે એકાઉન્ટન્ટ પરેશભાઈ સોલંકીએ નરસિંહભાઈ પઢીયારને નોટિસ આપી કોર્ટમાં કેશ દાખલ કરેલ.જેથી કોર્ટ દ્વારા સમન્સ પણ કાઢવામાં આવેલ. તેમ છતાં પણ નરસિંહભાઈ પઢીયારે સોસાયટીના નાણાં ચૂકવેલ નહિ. જે કેશ ડીસા એડીશનલ ચીફ જ્યૂડિસીયલ મેજિસ્ટ્રેટ હર્ષદ સાંમરાવ ખૂટવડની કોર્ટમાં ચાલી જતા નામદાર કોર્ટે આરોપી નરસિંહભાઈ પઢીયારને એક વર્ષની સાદી કેદની સજા તેમજ રૂપિયા ૧,૮૩,૯૦૫ નો દંડ પણ ફટકારેલ જો આરોપી રકમ ના ભરે તો વધુ છ માસની સજા ભોગવવાની રહશે તેમજ સદર દંડની રકમમાંથી રૂપિયા ૧,૩૩,૯૦૫ સોસાયટીને ચૂકવવાનો પણ આદેશ કરેલ છે.

## મેઘરજના પાલ્લામાં દીપડો ઝાડ પર ચઢી જતાં લોકોના જીવ પડીકે બંધાયા

### દીપડાને પાંજરે પુરવામાં વનવિભાગ સફળ, લોકોમાં હાશકારો

મોડાસા, તા. ૭

અરવલ્લી જિલ્લાના વિવિધ વિસ્તારોમાં દીપડાની દહેશત જોવા મળી રહી છે. જિલ્લાના મેઘરજ અને મોડાસા પંથકમાં દીપડો દેખા દેતા લોકોમાં ભયનો માહોલ જોવા



મળી રહ્યો છે ગુરુવારે મેઘરજના પાલ્લા ગામે દીપડો દેખાતા લોકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. પાલ્લા ગામે દીપડો ઝાડ પર ચઢી જતાં લોકો દહેશતમાં મુકાયા હતા, દીપડો દેખાવાની જાણ થતાં લોકોના ટોળે ટોળા ઉમટી પડ્યા હતા. કલાકો સુધી દીપડો ઝાડ પર બેસી રહેલો જોવા મળતા લોકોએ દીપડાના દ્રશ્યો મોબાઈલમાં કેદ કર્યા હતા. દીપડો ઝાડ પરથી નીચે ઉતરી દોડતા લોકોમાં નાશભાગ મચી હતી મેઘરજ અને માલપુર વનવિભાગની ટીમે પાલ્લા પહોંચી ગરનાળા નીચે છુપાયેલ દીપડાનું રેસ્કયુ કરી ભારે જહેમત બાદ પાંજરે પુરવામાં સફળ રહી હતી મેઘરજના ગ્રામ્ય વિસ્તારમાં દીપડાએ દેખા દેતા લોકોમાં ભારે દહેશત પેદા થઈ હતી

મેઘરજના જંગલમાં દીપડાનો વસવાટ હોવાથી ખોરાક-પાણીની શોધમાં દીપડાઓ માનવ વસાહત તરફ ધસી પશુઓનું મારણ કરતો હોવાના કિસ્સા સમયાંતરે બને છે ગુરુવારે પાલ્લા ગામની સીમમાં એક મહાકાય વૃક્ષ પર દીપડો જોવા મળતા લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા દીપડાના વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ થતા જનમેદની ઉમટી હતી લોકોના હો ...હા....હો....વચ્ચે દીપડો બે ત્રણ કલાક ઝાડ પર રહ્યા પછી છલાંગ મારી નીચે જમીન પર પડતાની સાથે લોકોમાં ભારે દોડધામ મચી હતી દીપડો ઝાડ પરથી ઉતરી ગામ બાજુએ થઈ નજીક એક ગરનાળામાં સંતાયો હતો દીપડો જોવા મળતા વનવિભાગ તંત્ર પણ ઘટનાસ્થળે પહોંચ્યું હતું

દીપડો પાલ્લા નજીક પસાર થતા ગરનાળામાં છુપાતા મેઘરજ અને માલપુરની વનવિભાગની ટીમે સ્થાનીક રેસ્કયુ ટીમની મદદથી ગરનાળામાં એક બાજુ પાંજરું અને બીજી બાજુ બોર્ડર બનાવી કોર્ડન કરી દીપડાનું રેસ્ક્યુ કરી ભારે જહેમત બાદ પાંજરે પુરવામા આવ્યો હતો દીપડો પાંજરે પુરાતા લોકોએ હાશકારો અનુભવ્યો હતો વનવિભાગ તંત્રે પાંજરે પુરાયેલ દીપડાને સુરક્ષિત જગ્યાએ પહોંચાડવા તજવીજ હાથધરી હતી

## જાયન્ટ્સ ગૃપ ઓફ-બાયડના હોદ્દેદારો નિમાયા



બાયડ (બ્યુરો એફિસ) તા.૦૭

જાયન્ટ્સ ગૃપ ઓફ બાયડના વર્ષ-૨૦૨૨-૨૩ના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી જેમાં પ્રમુખ ડાં.દેવમ્ સોની, મંત્રી શૈલેષ ભાટીયા, ખજાનચી સચિન પરમાર, ઉપપ્રમુખ(ઈન્ટરનલ) પ્રિતમ પટેલ, ઉપપ્રમુખ(એક્સટનલ) પ્રકાશ ગોહીલની વરણી થતાં જાયન્ટ્સ ગૃપ ઓફ-બાયડના સર્વ સભ્યોએ તેમની નિમણૂંકને આવકારી અભિનંદન પાઠવ્યા હતા.

## પાલનપુર રેલવે સ્ટેશન પર લોકલ ટ્રેનમાંથી બિન વારસી વિદેશી દારૂ મળી આવ્યો

પાલનપુર તા.૭

પાલનપુરના રેલવે સ્ટેશન પર થોભેલી લોકલ ટ્રેનમાં રેલવે પોલીસ વોચમાં હતી દરમ્યાન ટ્રેન ના આગળના ભાગના જનરલ ડબ્બા માં બે શંકાસ્પદ થેલા બિન વારસી હાલતમાં પડેલા જોવા મળતા આ થેલાની તપાસ કરતા તેમાંથી વિદેશી દારૂ નો જથ્થો મળી આવતા રૂ.૭૦૮૦ ની કિંમતનો ૧૨ બોટલ વિદેશી દારૂ કબ્જે કરવામાં આવ્યો હતો. રાજસ્થાનમાં મોટા પ્રમાણમાં બનાસકાંઠા સહિત રાજ્યભરમાં વિદેશી દારૂ ઘુસાડવામાં આવી રહ્યો છે.

## ડીસા મામલતદાર કચેરી ખાતે પુરવઠા મામલતદારના અધ્યક્ષસ્થાને તેલના વેપારીઓ સાથે બેઠક યોજાઈ

### સરકારની મર્યાદાથી વધુ તેલનો સંગ્રહ ન કરવાની તાકીદ


ડીસા,તા. ૭

સમગ્ર ગુજરાતમાં મોંઘવારીએ માઝા મૂકી રહી છે જેમાં ખાદ્ય પદાર્થની ચીજવસ્તુઓમાં ભાવ વધારો થતાં આમ જનતાના હાલ બેહાલ થઈ રહ્યા છે ત્યારે સરકાર દ્વારા પણ મોંઘવારીને કાબુમાં લેવા માટે પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે જેમાં ખાસ કરીને ખાધ તેલનાં ભાવો આસમાને પહોંચી ગયા છે .રશિયા અને યુકેન વચ્ચે યુધ્ધની અસર ભારત દેશમાં જોવા મળી રહી છે ખાધ તેલનાં ઉત્પાદનમાં ૪૦%થી વધુ તેલની આયાત વિદેશોમાંથી થાય છે ત્યારે રશિયા અને યુકેન વચ્ચે યુદ્ધના કારણે તેલની આયાતમાં ઘટાડો થતાં સીંગતેલ સહિત અનેક તેલનાં ભાવે આસમાને પહોંચી ગયા છે ત્યારે તેલના વેપારમાં સંગ્રહખોરી ના થાય તે માટે સરકાર દ્વારા તાત્કાલિક અસરથી પગલા લેવાની જાહેરાત કરવામાં આવી છે રાજય અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા તેલના વેપારીઓ માટે સ્ટોક મર્યાદા નક્કી કરવામાં આવી છે. જેમાં દરેક તેલના વેપારીઓ દ્વારા આવક કરતાં વધુ તેલના ડબ્બાઓ સંગ્રહ કરી શકશે નહીં. જે અંતર્ગત આજે ડીસા મામલતદાર કચેરીનાં હોલમાં પુરવઠા મામલતદાર ઈશ્વરભાઈ પટેલ અને કરીયાણા મરચન્ટ એસોસિયેશનના પ્રમુખના અધ્યક્ષ સ્થાને તેલનાં વેપારીઓ સાથે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું



જેમાં વધતાં જતાં તેલનાં ભાવને અંકુશમાં રાખવા માટે સરકાર દ્વારા કરાયેલ જાહેરાતથી ઉપસ્થિત તેલનાં વેપારીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું સાથે-સાથે રોજબરોજના હાજર સ્ટોક પત્રકનું ઓનલાઈન રજિસ્ટ્રેશન કરવા માટે જણાવ્યું હતું જે વેપારી મિત્રોએ રજીસ્ટ્રેશન ના કરાવ્યું હોય તેવા વેપારીઓને કડક સુચનાઓ આપવામાં આવી હતી સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલ જથ્થાથી વધું તેલનો સંગ્રહ કરવો નહી જેને લઈને પણ પુરવઠા મામલતદાર દ્વારા સુચનાઓ આપવામાં આવી હતી આજે યોજાયેલ બેઠકમાં ડીસા શહેરના જીઆઈડીસી વિસ્તારમાં આવેલ ઓઈલ મીલ સંચાલકો અને રીટેલ ઓઈલ મીલના તમામ વેપારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને સરકાર દ્વારા કરાયેલ આદેશનું પાલન કરવાની ખાત્રી આપી હતી.

## જન્મદિને વધામણી



ખુશ્બુબેન આદિત્યકુમાર પટેલ
ડેમાઇ હાલ વડોદરા



કૌશિકભાઈ પટેલ
સહજાનંદ સોસાયટી
બાયડ



દશરથભાઈ પ્રજાપતિ
નિવૃત્ત નાયબ મામલતદાર
મોડાસા જિલ્લો અરવલ્લી



ડો. ભરત શાહ
મો. ૯૪૨૬૫૭૫૫૪૪
ધનસુરા, જિ.અરવલ્લી